# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ** (૧) ગુજરાત સરકારશ્રીના સમાન્ય વહીવટી વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૯.૧૦.૨૦૧૯ના જાહેરનામું

(૨) અત્રેની કચેરીની તા.૨૮.૧૦.૨૦૨૦ની નોંધ

**દિવાળીની રજાઓ જાહેર કરવા બાબત..**

## પરિપત્ર

ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમ – ૧ના જાહેરનામાથી સરકારશ્રી ધ્વારા તા.૧૪.૧૧.૨૦૨૦ શનિવારના રોજ દિવાળી, તા.૧૫.૧૧.૨૦૨૦ રવિવારની જાહેર રજા અને તા.૧૬.૧૧.૨૦૨૦ સોમવારના રોજ નૂતન વર્ષ અને ભાઈબીજની રજાઓ સરકારશ્રીએ જાહેર કરેલ છે.

યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ દિવાળીના તહેવારો વતનમાં જઈ આનંદ – ઉલ્લાસ સાથે ઉજવી શકે તેવા શુભ આશયથી સરકારશ્રી ધ્વારા જાહેર કરવામાં આવેલ દિવાળીની રજાઓ સાથે તા.૧૭.૧૧.૨૦૨૦ની મંગળવારની વધારાની એક દિવસની રજા તા.૨૮.૧૧.૨૦૨૦ ના ચોથા શનિવારની જાહેર રજા ભરવાની શરતે રજા જાહેર કરવામાં આવે છે. વધુમાં સરકારશ્રી ધ્વારા તા.૧૭.૧૧.૨૦૨૦ના રોજ રજા જાહેર કરવામાં આવે તો તા.૨૮.૧૧.૨૦૨૦ના ચોથા શનિવારે જાહેર રજા ગણવાની રહેશે.

સદર રજાઓ દરમ્યાન ફાર્મ / ડેરી / લેબોરેટરી તેમજ આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે.

સદર પરિપત્ર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ દિ.રજા /૮૫૬૦-૮૬૧૦ /૨૦૨૦.

નવસારી. તારીખઃ૨૮/૧૦/૨૦૨૦.

**ઈ/ચા.કુલસચિવ**

***નકલ જયભારત સાથ રવાના જાણ સારુઃ–***

(૧) સેકશન અધિકારશ્રી (કૃષિ યુનિ.), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેકટર–૧૦ એ, પોડીયમ લેવલ, ગાંધીનગર
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
(૪) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારુ

***નકલ રવાનાઃ–***

અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારુ.